# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) આસામ, પશ્ચિમ બંગાળ, કેરલમ, તમિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી વિધાનસભાની ચૂંટણી અને ગુજરાત સહિત પાંચ રાજ્યોની પેટા ચૂંટણીનું આજે પરિણામ

2) ભારતે લિપુલેખ પાસ પર નેપાળના દાવાને નકારી કાઢી તેને કૈલાસ માનસરોવર યાત્રા માટે પરંપરાગત માર્ગ ગણાવ્યો.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે પ્રયાગરાજમાં "સંરક્ષણ ત્રિવેણી સંગમ" વિષયવસ્તુ પર પરિસંવાદનું ઉદ્ઘાટન કરશે.

4) અમેરિકા હોર્મુંઝ સામુદ્રધુનીમાં ફસાયેલા જહાજોની મદદ માટે પ્રોજેક્ટ ફ્રીડમ શરૂ કરશે.

5) IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સને ચાર વિકેટે હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MOR. VOTE COUNTING

અજે પશ્ચિમ બંગાળ સિવાય પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થશે. આસામ, પશ્ચિમ બંગાળ, કેરલમ, તમિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે સવારે આઠ વાગ્યાથી મતગણતરી  હાથ ધરાશે. પહેલા પોસ્ટલ બેલેટની ગણતરી અને ત્યારબાદ સાડા આઠ વાગ્યે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનની ગણતરી શરૂ થશે. બપોર સુધીમાં શરૂઆતના વલણો આવવાની અપેક્ષા છે. ચૂંટણી પંચે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સરળ ગણતરી માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

આસામમાં 126 વિધાનસભા બેઠકો, કેરલમમાં 140, તમિલનાડુમાં 234 અને પુડુચેરીમાં 30 બેઠકો માટે અલગ અલગ તબક્કામાં મતદાન થયું હતું.

પશ્ચિમ બંગાળમાં, આજે 293 બેઠકો માટે મતગણતરી હાથ ધરવામાં આવશે.જ્યારે ફાલ્ટા વિધાનસભા માટે 21 મેના રોજ ફેર મતદાન થશે અને 24 મેના રોજ મતગણતરી થશે.

સાંભળીએ એક અહેવાલ...

(VC: સાંદીપનિ દાસ ગુપ્તા)

# BYE ELECTION

ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ અને ત્રિપુરાની 7 વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી માટે આજે સવારે આઠ વાગ્યે મતગણતરી હાથ ધરાશે. જેમાં ગુજરાતની ઉમરેઠ, કર્ણાટકની બાગલકોટ અને દાવણગેરે દક્ષિણ, મહારાષ્ટ્રની રાહુરી અને બારામતી, નાગાલેન્ડની કોરીડાંગ અને ત્રિપુરાની ધર્મનગર બેઠકનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચે આ રાજ્યોમાં મતગણતરીને લઈને વિશેષ વ્યવસ્થાઓ કરી છે.

ગુજરાતના આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં 6 ઉમેદવારોના ભાવિનો આજે ફેસલો થશે. જેમાં ભાજપના હર્ષદ પરમાર અને કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ વચ્ચે સીધો મુકાબલો છે. 23 અપ્રિલે આ બેઠક પર 59.04 ટકા મતદાન થયું. આ બેઠક પર ધારાસભ્ય ગોવિંદ પરમારનું અવસાન થતા પેટા ચૂંટણી યોજવામાં આવી હતી.

# MEA NEPAL MANSAROVAR

ભારતે લિપુલેખ પાસ પર નેપાળના દાવાને નકારી કાઢી તેને 1954 થી કૈલાસ માનસરોવર યાત્રા માટે મહત્વપૂર્ણ અને પરંપરાગત માર્ગ ગણાવ્યો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કૈલાશ માનસરોવર યાત્રા અંગે નેપાળના વિદેશ મંત્રાલયની ટિપ્પણીઓ અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં આ વાત કહી.

નેપાળના પ્રાદેશિક દાવાઓ અંગે, તેમણે જણાવ્યું કે આવા દાવાઓ ન તો વાજબી છે અને ન તો ઐતિહાસિક તથ્યો અને પુરાવા પર આધારિત છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારત દ્વિપક્ષીય સંબંધોના તમામ મુદ્દે નેપાળ સાથે વાતચીત માટે તૈયાર છે.

## MORN.RAJNATH SYMPOSIUM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં " સંરક્ષણ ત્રિવેણી સંગમ" વિષયવસ્તુ પર આધારિત ટેકનોલોજી પરિસંવાદનું ઉદ્ઘાટન કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ પરિસંવાદ ઓપરેશનલ પડકારોનો સામનો કરવા, અત્યાધુનિક સ્વદેશી ટેકનોલોજીઓનું પ્રદર્શન અને સંકલન કરવા એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે. મંત્રાલયે જણાવ્યું કે દેશભરના MSME, ખાનગી સંરક્ષણ ટેકનોલોજી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ અને સૈન્ય કર્મચારીઓ સહિત વિવિધ સહભાગીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

## JAISHANKAR JAMAICA

વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું કે, ભારત અને જમૈકા વચ્ચેના સંબંધો સાતત્ય અને પરિવર્તન દ્વારા વર્ગીકૃત થયેલ છે. જમૈકાના એક ખાનગી અખબાર સાથેની મુલાકાતમાં, તેમણે કહ્યું, બંને દેશોએ એક ઊંડી અને વધુ સ્થિતિસ્થાપક ભાગીદારી માટે  સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખવું જોઈએ.

**તેમણે કહ્યું કે જમૈકા સાથે 180 વર્ષથી સંબંધ ધરાવતો ભારતીય સમુદાય,દ્વિપક્ષીય સંબંધોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.**

**તેમણે ગઇકાલે જમૈકામાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે જમૈકાના પ્રધાનમંત્રીએ ભારતીય સમુદાયના યોગદાન વિશે વાત કરી. બંને નેતાઓએ ચાલી રહેલા મુદ્દે ચર્ચા કરી.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MISSION DRISHTI

**ભારતીય અવકાશ સ્ટાર્ટ-અપ ગેલેક્સઆઈએ અમેરિકાના કેલિફોર્નિયાથી સ્પેસએક્સના ફાલ્કન 9 રોકેટ પર વિશ્વના પ્રથમ ઓપ્ટો SAR ઉપગ્રહ - મિશન દ્રષ્ટિ સફળતાપૂર્વક લોન્ચ કર્યું.**

190 કિલોગ્રામ વજન ધરાવતું, મિશન દ્રષ્ટિ એ ખાનગી ભારતીય કંપની દ્વારા બનાવવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ છે.

સાંભળીએ એક અહેવાલ...

(VC: SUDHINDRA---F—WN)

# US-PROJECT FREEDOM-SHIPS

અમેરિકા હોર્મુઝ સામુદ્રધુનીમાં ફસાયેલા જહાજોની મદદ માટે પ્રોજેક્ટ ફ્રીડમ શરૂ કરશે. રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ પ્રયાસ સેંકડો જહાજો અને લગભગ 20 હજાર નાવિકોને મદદ કરશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે અમેરિકા ઈરાન યુદ્ધથી પ્રભાવિત તટસ્થ દેશોના જહાજોને આ પ્રતિબંધિત જળમાર્ગોમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢશે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે કહ્યું આ પહેલ હેઠળ ગાઇડેડ-મિસાઇલ ડિસ્ટ્રોયર્સ, 100 થી વધુ વિમાન અને 15 હજાર સેવા સભ્યોને તૈનાત કરાશે.

# TRUMP-IRAN PLAN

પશ્ચિમ એશિયામાં યુદ્ધવિરામનું દબાણ હોવા છતાં, અમેરિકા ઈરાનના પ્રસ્તાવિત રોડમેપના મુખ્ય મુદ્દાને પાછળ ધકેલી રહ્યું છે.આનાથી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ અંગે નક્કર સમજૂતી થઈ શકી નથી.

ઈરાનના સરકારના પ્રવક્તા ઇસ્માઇલ બાઘેઈએ જણાવ્યું કે અમેરિકા સામે યુદ્ધસમાપ્ત કરવા ઇરાને 14-મુદ્દાની યોજના રજૂ કરી છે જે હાલમાં સમીક્ષા હેઠળ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલી મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તેમણે પ્રસ્તાવની તપાસ કરી છે અને તેને સ્વીકાર્ય નથી ગણાવ્યું.

## WHO HANTAVIRUS

એટલાન્ટિક મહાસાગરમાં એક ક્રુઝ જહાજ પર શંકાસ્પદ હંટાવાયરસ ફાટી નીકળ્યા બાદ ત્રણના મોત થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા -WHOએ જણાવ્યું છે કે હંટાવાયરસના એક કેસની પુષ્ટિ થઈ છે જ્યારે પાંચ શંકાસ્પદ કેસની તપાસ ચાલી રહી છે. ડચ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પુષ્ટિ આપી કે બે ડચ મુસાફરો મૃત્યુ પામ્યા છે.હંટાવાયરસ ચેપગ્રસ્ત ઉંદરો દ્વારા ફેલાઈ ફેલાય છે, જેના કારણે શ્વસન સંબંધી ગંભીર બીમારી થાય છે.

## IPL CRICKET

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સને ચાર વિકેટે હરાવ્યું. 164 રનના લક્ષ્યનો પીછો કરતા, ગુજરાત ટાઇટન્સે એક બોલ બાકી રહેતા છ વિકેટે 167 રન બનાવી મેચ જીતી લીધી.. ગુજરાત તરફથી સૌથી વધુ 57 રન સાઈ સુદર્શને બનાવ્યા.

બીજી મેચમાં, હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સે સનરાઇઝર્સ હૈદરાબાદને સાત વિકેટથી હરાવ્યું હતું.

આજે મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે. મેચ આજે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં કરા સાથે વાવાઝોડાની આગાહી કરી છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને ઓડિશાના કેટલાક ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શકયતા છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- સંદેશ પ્રથમ પાને લખે છે બંગાળમાં ભાજપનુ પલડું ભારે... આજે પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોના પરિણામ... નબળા ચોમાસા અને આકરી ગરમીથી કૃષિ ક્ષેત્રે સંકટ વધવાની આશંકા...
- ગુજરાત સમાચાર લખે છે નીટનું પેપર એકંદરે સરળ- આ વર્ષે મેડિકલ પ્રવેશમાં કટઓફ ઊંચો જશે...
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે બંગાળમાં મૌન અને તમિલનાડુમાં વિજયનું રહસ્ય ખુલશે...
- ફુલછાબ લખે છે યુદ્ધથી વૈશ્વિક મંદીનો ખતરો..

- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો સોમનાથ કોરિડોર માટે 250 મિલકતના સંપાદન બાદ ડિમોલિશન કામગીરી શરૂ... બેટ દ્વારકાના દરિયામાથી મળ્યા રોમન સિક્કા, સુનિયોજિત બંદર અને રોમન વેપારના પુરાવા..ગેસનો ભાવ વધારો છતાં પણ હોટલ, ખાણીપીણી બજારમાં કોઈ અસર નહીં... ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણીની આજે મત ગણતરી થશે... કચ્છના નાના રણમાં વચ્છરાજ બેટ પાસે દેખાયુ વિશ્વનું સૌથી નાનુ શિયાળ...

-----------------------------------------------